RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 298* Date: 25.08.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કેન્દ્ર આગામી ચાર વર્ષમાં એસેટ મોનેટાઇઝેશન દ્વારા છ લાખ કરોડની રકમ એકત્રિત કરવાનું આયોજન

# ટ્રેનો, રેલવે સ્ટેશનો, સ્ટેડિયમ અને એરપોર્ટનું વેચાણ કરીને સરકાર નાણાં એકત્રિત કરશે

નવી દિલ્હી,૨૪

આ એસેટ વેચાણ આયોજન દ્વારા કોરોનાના લીધે કરવેરાના મોરચે પડેલી ઘટને ભરપાઈ કરવામાં આવશે. આ વર્ષે વ્યાપક વિનિવેશ દરખાસ્તમાં લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી)ના પબ્લિક ઈશ્યૂની સાથે બીપીસીએલ અને એર ઈન્ડિયા જેવી કંપનીઓના વેચાણનો સમાવેશ થાય છે. સીતારામન ૧૧ મંત્રાલયો હસ્તકની ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સના મોનેટાઈઝેશનના આયોજનની જાહેરાત કરે તેમ મનાય છે. કેન્દ્ર આગામી ચાર વર્ષમાં એસેટ મોનેટાઈઝેશન દ્વારા છ લાખ કરોડની રકમ એકત્રિત કરવાનું આયોજન ધરાવે છે. સરકાર બજેટ ખાધમાં ઘટાડો કરવા અને નાણાકીય સ્ત્રોતોમાં વધારો કરવા માટે એસેટ મોનેટાઈઝેશન કરવામાં આવનાર છે. આ પ્લાનમાં રોડ અને રેલવે એસેટ્સ, એરપોર્ટ, પાવર ટ્રાન્સમિશન લાઈન્સ, અને ગેસ પાઈપલાઈનોનો હિસ્સો વેચવાનો સમાવેશ થાય છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામન સોમવારે તેનો રોડમેપ પૂરો પાડવાના છે. આ હિસ્સા વેચાણ પીએમ મોદીની વ્યૂહાત્મક વિનિવેશ નીતિ હેઠળ કરાશે. આ આયોજન હેઠળ રાજ્ય કેટલાક ઓળખી કાઢવામાં આવેલા ક્ષેત્રો જ તેની પાસે રાખશે અને બાકીનાનું ખાનગીકરણ કરશે. સરકાર અહીં કોઈ એસેટ્સ સંપૂર્ણપણે વેચી નહી નાખે, પરંતુ તેનો સારામાં સારો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરશે. આમ એસેટની માલિકી સરકાર પાસે રહેશે. સમગ્ર કવાયત દ્વારા વધુને વધુ મૂલ્ય મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે. સરકાર માર્ચ ૨૦૨૨માં પૂરા થનારા નાણાકીય વર્ષ સુધીમાં એસેટ મોનેટાઈઝેશનના આયોજન હેઠળ ૧.૭૫ લાખ કરોડ મેળવે તેવી સંભાવના છે. રેલવેનું મોનેટાઈઝેશન કરીને ૧.૫ લાખ કરોડ મેળવવામાં આવે તેમ માનવામાં આવે છે. તેમા ૪૦૦ રેલવે સ્ટેશનો, ૯૦ પેસેન્જર ટ્રેનો, ૭૪૧ કિ.મી.ની કોંકણ રેલવેઝ અને ૧૫ રેલવે સ્ટેડિયમો અને કોલોનીઓનું મોનેટાઈઝેશન કરીને અંદાજે ૧.૨ લાખ કરોડ મેળવવામાં આવશે. ૨૬,૭૦૦ કિ.મી.ના નેશનલ હાઈવે અને નવા રસ્તાઓનું મોનેટાઈઝેશન કરીને ૧.૬ લાખ કરોડ મેળવાશે. આ માટે એનએચએઆઈ ઈનવિટ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) રૂટ અપનાવશે. વીજ ક્ષેત્રની એસેટ્સ દ્વારા એક લાખ કરોડ મેળવાશે તેમ મનાય છે. તેમા પાવર ટ્રાન્સમિશનનું મોનેટાઈઝેશન કરીને ૪૫,૨૦૦ કરોડ અને છ ગીગાવોટની પાવર જનરેશન એસેટનું મોનેટાઈઝેશન કરીને ૩૯,૮૩૨ કરોડ એકત્રિત કરાશે. ગેસ પાઈપલાઈન દ્વારા ૫૯,૦૦૦ કરોડ મેળવાશે. ૮,૧૫૪ કિ.મીની નેચરલ ગેસ પાઈપલાઈન દ્વારા ૨૪,૪૬૨ કરોડ અને ૩,૯૩૦ કિ.મી પ્રોડક્ટ પાઈપલાઈન દ્વારા ૨૨,૫૦૪ કરોડ મેળવાશે તેમ મનાય છે. ટેલિકમ્યુનિકેશન એસેટ્સ દ્વારા ૪૦,૦૦૦ કરોડ મેળવવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે. તેમા ભારતનેટ ફાઈબરની ૨.૮૬ લાખ કિ.મી.નું લાઈનનું મોનેટાઈઝેશન કરી ૩૫,૧૦૦ કરોડ મેળવાશે. જ્યારે બીએસએનએલ અને એમટીએનએલના સિગ્નલ ટાવરના ૧૪,૯૧૭ કરોડ મેળવાશે. પબ્લિક વેરહાઉસિસ અને કોલસાની ખાણો દ્વારા ૨૯,૦૦૦-૨૯૦૦૦ કરોડ મેળવાશે. એરપોર્ટ મોનેટાઈઝેશન દ્વારા ૨૦,૭૮૨ કરોડ અને પોર્ટ દ્વારા ૧૨,૮૨૮ કરોડ મેળવાશે. નાગરિક ઉડ્ડયન અને પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પોર્ટ્સ સ્ટેડિયમ અને માઈનિંગ એસેટ્સ દ્વારા બીજા એક લાખ કરોડ મેળવવામાં આવશે તેમ મનાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

ઓછી ઉપયોગમાં લેવાતી એસેટને મોનેટાઈઝ કરવામાં આવશે અને એસેટની માલિકી સરકાર પાસે રહેશે. તેમણે જણાવ્યું હતું કે નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન હેઠળ બ્રાઉનફિલ્ડ એસેટ્સને મોનેટાઈઝ કરવામાં આવશે અને તેમા ખાનગી ક્ષેત્રની ભાગીદારી કરવામાં આવશે. ખાનગી ભાગીદારીઓએ નિયત સમય પછી સરકારને મિલકત પરત સુપ્રદ કરી દેવાની રહેશે. આ ઉપરાંત નવી દિલ્હીમાં આવેલા જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ અને પ્રાદેશિક કેન્દ્રો દ્વારા ૧૧,૪૫૦



કરોડની રકમ મેળવાશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામને બજેટમાં વાર્ષિક ભાષણ દરમિયાન મીડિયમ ટર્મના રોડમેપની કરેલી જાહેરાત સરકારના એસેટ સેલની પહેલ માટે એક રોડમેપ તરીકે કામ કરશે. મોનેટાઈઝેશન દ્વારા મળેલા નાણાન ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિલ્ડિંગ માટે કરવામાં આવશે. આમ વેચાનારી એસેટનું મૂલ્ય એનઆઈપી હેઠળ થનારા કુલ ૧૧૧ લાખ કરોડના રોકાણના ૫.૪ ટકા હશે અને કેન્દ્રના ૪૩ લાખ કરોડના પ્રસ્તાવિત ખર્ચના ૧૪ ટકા હશે. જોકે આ છ લાખ કરોડના મોનેટાઈઝેશનના પ્લાનનો આધાર પહેલા દસ હજાર કરોડની એસેટનું સરળતાથી મોનેટાઈઝેશન થાય તેના પર છે.

# કાબુલથી લાવેલ ગુરુ ગ્રંથ સાહિબની નકલો દિલ્હીના ગુરુદ્વારામાં રાખવામાં આવશે

નવી દિલ્હી, ૨૪

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા વચ્ચે ભારતીયોને કાબુલમાંથી બહાર કાઢવાનો સિલસિલો ચાલુ છે. એર ઈન્ડિયાનું છૈં-૧૯૫૬ વિમાન ૭૮ લોકોને લઈને તઝાકિસ્તાનની રાજધાની દુશાંબેથી દિલ્હી પહોંચી ગયું છે. તેમાં ૨૫ ભારતીય છે. આ વિમાનમાં કાબુલના ગુરુદ્વારામાંથી ગુરુ ગ્રંથ સાહિબને પણ લાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, વી મુરલીધરન અને ભાજપના નેતા આરપી સિંહ આ ગુરુ ગ્રંથ સાહિબને સંભાળવા માટે દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યા હતા, તેઓ આ ગુરુ ગ્રંથ સાહિબને મસ્તક પર મૂકીને એરપોર્ટની બહાર લાવ્યા હતા. આ ગુરુ ગ્રંથ સાહિબની આ નકલો દિલ્હીના ગુરુદ્વારામાં રાખવામાં આવશે. તાલિબાનના



કબજા બાદ અફઘાનિસ્તાન છોડનાર પૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગનીના ભાઈ હશમત ગનીએ દાવો કર્યો છે કે અશરફ ગનીની હત્યા કરવાનું કાવતરું હતું. હશમત કહે છે કે કાબુલમાં હત્યાઓ અને વાતાવરણ બગાડવાની યોજનાઓ હતી, જેથી કેટલાક સૈન્યના નિવૃત્ત લોકો તેમના ઈરાદા પૂરા કરી શકે. તેમણે મારી હત્યા કરવાનું ષડયંત્ર પણ રચ્યું હતું. હશમતે અંગ્રેજી ન્યૂઝ ચેનલ ઉંદ્ર સાથેની વાતચીતમાં આ દાવો કર્યો છે. જો કે, તેમણે એ નથી કહ્યું કે અશરફ ગનીની કોણ હત્યા કરવા માંગતુ હતું? આ સવાલના જવાબમાં અશરફે કહ્યું કે જ્યારે સમય આવશે ત્યારે આ ખુલાસો અશરફ ગની પોતે જ કરશે. હશમતે પોતે તાલિબાનમાં જોડાયા હોવાના અહેવાલને પણ નકારી દીધા છે. તે કહે છે કે તેણે તાલિબાન શાસન સ્વીકાર્યું છે, પરંતુ તેમની સાથે સામેલ થવાનું સ્વીકાર્યું નથી. ભારત સહિત વિશ્વભરના દેશો તેમના નાગરિકોને અફઘાનિસ્તાનમાંથી બહાર કાઢવામાં વ્યસ્ત છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એમ પણ કહ્યું હતું કે કાબુલમાંથી લોકોને ૩૧ ઓગસ્ટ સુધીમાં બહાર કાઢવા કાર્ય પૂર્ણ થશે. આ દરમિયાન તાલિબાનના પ્રવક્તા સુહેલ શાહીને એક નિવેદન જારી કર્યું અને નાટો દળોને ધમકી આપી કે તેઓ ૩૧ ઓગસ્ટ સુધીમાં કાબુલ એરપોર્ટનો કબજો છોડી દે અને તેમના દેશમાં પરત ફરે. તાલિબાનના પ્રવક્તા સુહેલ શાહીને કહ્યું હતું કે ૩૧ ઓગસ્ટ રેડ લાઈન હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે તેમની સેના આ તારીખ સુધીમાં અફઘાનિસ્તાન છોડી દેશે. આ તારીખ લંબાશે તો એનો અર્થ એ થશે કે અમેરિકી સૈન્ય ફરી અફઘાનિસ્તાનમાં પોતાનો કબજો વધારી રહ્યું છે. જો આવું થશે તો અમેરિકાએ એનાં પરિણામો ભોગવવાં પડશે. ફ્રાન્સે તાલિબાનની આ ધમકીનો જવાબ આપ્યો છે. ફ્રાન્સે સ્પષ્ટ કહ્યું છે કે ૩૧ ઓગસ્ટની સમયમર્યાદા બાદ પણ અમે અમારા નાગરિકોને કાબુલમાંથી બહાર કાઢવાનું કામ ચાલુ રાખીશું. ફ્રાન્સનું આ નિવેદન તાલિબાનને સીધો પડકાર આપે છે કે જો તે બચાવ કામગીરીમાં અવરોધો ઊભા કરશે તો એ યોગ્ય રહેશે નહીં.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ૩૧ ઓગસ્ટ પછી પણ અફઘાનિસ્તાનમાં સેનાને રોકવા માટે કહેશે, જેથી લોકોને કાબુલ એરપોર્ટ પરથી બહાર કાઢવા માટે વધુ સમય મળી શકે. આ માટે કાબુલ એરપોર્ટ પર હજારો અફઘાન અને વિદેશી નાગરિકો રાહ જોઈ રહ્યા છે કે તેમને કોઈ ફ્લાઈટ મળે, જેથી તેઓ અફઘાનિસ્તાન છોડીને જઈ શકે.

# ત્રીજી લહેર વચ્ચે દેશમાં માત્ર ૭.૬ ટકા લોકોને જ મળી સંપૂર્ણ રસી

નવી દિલ્હી,૨૪

કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ પર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૭.૬ ટકા (૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છે. જો વર્તમાન રસીકરણ દરમાં વધારો કરવામાં નહીં આવે, તો ભારતમાં મહામારીની આગામી લહેરમાં દરરોજ ૬ લાખ કેસ આવી શકે છે. કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ પર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૭.૬ ટકા (૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છેકેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ આવતી એક સંસ્થા દ્વારા રચાયેલી એક નિષ્ણાત સમિતિએ આશંકા વ્યક્ત કરી છે કે દેશમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબર વચ્ચે ગમે ત્યારે આવી શકે છે અને રસીકરણની ગતિને ઝડપી કરવાની જરૂર છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ) દ્વારા રચાયેલી નિષ્ણાત સમિતિએ એમ પણ કહ્યું છે કે બાળકોને પુખ્ત વયના સમાન જોખમમાં હશે. મોટી સંખ્યામાં બાળકોના સંક્રમિત થવાની સ્થિતિમાં બાળરોગ હોસ્પિટલો, ડોકટરો અને વેન્ટિલેટર, એમ્બ્યુલન્સ વગેરે જેવા સાધનોની ઉપલબ્ધતા માંગની અનુરૂપ થઈ શકતી નથી. જાણીતા નિષ્ણાતોએ ભારતમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેરની વારંવાર ચેતવણી આપી છે. મહામારીના નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી છે કે જ્યાં સુધી આપણે રસીકરણ અથવા સંક્રમણ દ્વારા વ્યાપક પ્રતિરક્ષા વિકસિત નહી કરીએ ત્યાં સુધી કેસો વધતા રહેશે. એનઆઈડીએમ રિપોર્ટમાં આઈઆઈટી કાનપુરના નિષ્ણાતોના અનુમાનનો અહેવાલ આપતા કહ્યું કે, ત્રીજી લહેર માટે ત્રણ સંભવિત દૃશ્યો સૂચવવામાં આવ્યા હતા. પ્રથમ સંજોગોમાં ત્રીજી લહેર ઓક્ટોબરમાં ટોચ પર પહોંચી શકે છે અને દરરોજ ૩.૨ લાખ કેસ આવી શકે છે. બીજા સંજોગોમાં વાયરસનું નવું અને વધુ સંક્રામક સ્વરૂપ સામે આવી શકે છે અને ત્રીજી લહેર સપ્ટેમ્બરમાં તેની ટોચ પર પહોંચી શકે છે, જેમાં દરરોજ પાંચ લાખ કેસ સામે આવવાની આશંકા છે.

# આતંકવાદી અબ્બાસ શેખ સહિત બે આતંકી એક્રાઉન્ટરમાં ઠાર

શ્રીનગર,૨૪

કાશ્મીરના ઉચ્ચ પોલીસ અધિકારી વિજય કુમારે જણાવ્યું હતું કે શ્રીનગરમાં પોલીસે ટીઆરએફના વડા આતંકવાદી અબ્બાસ શેખને ઠાર કરી દીધો હતો. શ્રીનગરના આલૂચી બાગ નજીક અબ્બાસ શેખ અને તેનો સાગરિત સાકિબ મનઝૂર છુપાયા હોવાની બાતમી મળી હતી. એ પછી પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. એ વખતે અબ્બાસ અને તેના સાગરિતે પોલીસ જવાનો ઉપર ફાયરિંગ કર્યું હતું. પોલીસે પણ વળતું ફાયરિંગ કર્યું હતું. સંઘર્ષના અંતે બંને આતંકવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ-કાશ્મીરમાં પોલીસ એક્રાઉન્ટરમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અબ્બાસ શેખ સહિત બે ઠાર થયા હતા. આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાના કાશ્મીર માટે બનેલા આતંકી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફોર્સ (ટીઆરએફ)નું સંચાલન અબ્બાસ શેખ કરતો હતો. શ્રીનગરમાં તેને ઠાર કરાયો હતો. પોલીસના કહેવા પ્રમાણે શહેરમાં થયેલા કેટલાય આતંકવાદી હુમલામાં આ બંનેની સંડોવણી હતી. ટીઆરએફનું સંચાલન કરતો અબ્બાસ તો જમ્મુ-કાશ્મીર પોલીસના મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. ગયા મહિને પણ આ જ વિસ્તારમાં રાત્રે વિચિત્ર લાઈટ્સ જોવા મળતા બીએસએફના જવાનોએ ફાયરિંગ કર્યું હતું. એ પછી ડ્રોન પાકિસ્તાન તરફ જતું રહ્યું હતું. આતંકવાદીઓને ઘૂસાડવા માટે ડ્રોનની મદદથી સરહદી વિસ્તારની જાસૂસી થતી હોવાની શક્યતા પણ નિષ્ણાતોએ વ્યક્ત કરી હતી. અબ્બાસ શેખ લશ્કર-એ-તોયબા માટે કામ કરતો હતો. તોયબાએ કાશ્મીર માટે અલગ આતંકવાદી સંગઠન બનાવ્યું એ પછી તેની જવાબદારી અબ્બાસને સોંપી હતી. અબ્બાસ કેટલાય વર્ષોથી સક્રિય આતંકવાદી પ્રવૃત્તિ કરતો હતો. તે હિઝબુલ મુઝાહિદ્દીન માટે પણ આતંકવાદી પ્રવૃત્તિ કરી ચૂક્યો છે.દરમિયાન પાકિસ્તાનનું વધુ એક ડ્રોન સરહદે જોવા મળ્યું હતું. અરનિયા સેક્ટરમાં બીએસએફના જવાનોએ એક શંકાસ્પદ જાસૂસી ડ્રોન જોયું હતું. તુરંત એલર્ટ થયેલા જવાનોએ ડ્રોન ઉપર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ થતાં જ ડ્રોન પાકિસ્તાન તરફ નાસી ગયું હતું. વહેલી સવારે ડ્રોન દેખાયું એ પછી આસપાસના વિસ્તારમાં સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અંધારાનો લાભ લઈને એ ડ્રોન આતંકવાદીઓ માટે શસ્ત્રો કે ડ્રગ્સનો જથ્થો મૂકવા આવ્યું હોય એવી શક્યતાના પગલે આખાય વિસ્તારમાં એલર્ટ જારી કરાયો છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૩૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૦૯૧

## તંત્રી સ્થાનેથી...

### અફઘાનિસ્તાનમાં તાલિબાનોના શાસનને કારણે ભારતે સાવચેત રહેવુ જરૂરી.....!

અફઘાનિસ્તાનમાં બદલાઈ ગયેલી પરિસ્થિતિની અસર હવે ભારતમાં જોવા મળી રહી છે.જેમા અફઘાનિસ્તાન સાથેના વેપાર-ધંધા પર મોટી અસર થવા પામી છે. તાલિબાની શાસકોએ આયાત-નિકાસ પર પાબંધી ફરમાવી દીધી છે. અફઘાનિસ્તાનમાંથી ભારતમાં બદામ, કિસમિસ, અંજીર, મુનક્કા, અખરોટ, જેવા ડ્રાયફ્રુટ લગભગ ૮૦ ટકા જેવા આવતા હતા. જે આવતા બંધ થતાં ભારતમાં ડ્રાય ફ્રુટની કિંમતો આસમાને પહોંચી ગઈ છે. જોકે આ બાબતે ભારતમાં સંગ્રહખોરોનો પણ થોડા અંશે ભાગ છે. ભારતમાં ડ્રાયફ્રૂટનુ મોટામાં મોટું બજાર દિલ્હીના ચાંદની ચોકમાં આવેલ છે. જે માર્કેટમાંથી દેશભરમાં ડ્રાયફ્રુટ મોકલવામાં આવે છે.આ માર્કેટમાં એવી ભીડ જામતી હતી કે ઊભા રહેવું પણ આકરું થઈ પડે. જ્યારે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ કબજો લીધા બાદ ડ્રાયફ્રૂટ આવતા બંધ થઇ જતાં દિલ્હીના ડ્રાયફ્રૂટ માર્કેટમાં ભીડજ ગુમ થઈ ગઈ છે. ખાસ ખરીદારો દેખાતા નથી. હાલ બદામનો ભાવ કિલો દીઠ રૂપિયા ૧૨૦૦/- પર પહોંચી ગયા છે.તો અન્ય ડ્રાયફ્રૂટની કિંમતો કેટલી વધી હશે.....? એક અંદાજ અનુસાર ડ્રાય ફ્રુટ્સની કિંમતો ૪૦ ટકા વધી ગઈ છે. આ તો સામાન્ય વાત થઈ. પરંતુ વર્ષોથી ભારત અફઘાનિસ્તાનમાં શાંતિ અને સુલેહનું સમર્થક રહ્યું છે. ઉપરાંત ભારતે અફઘાનિસ્તાનની પ્રજાની સુખ-સુવિધા, વિકાસ માટે અરબો- અરબો રૂપિયાની સહાય કરવા સાથે વિવિધ પ્રોજેક્ટો હાથ ધરેલ. તેમાં કેટલાક પ્રોજેક્ટ પૂરા થઈ ગયેલ અને તેનો લાભ પણ આમ પ્રજાને મળતો થઇ ગયો હતો. પરંતુ તાલિબાનોએ અફઘાનિસ્તાન પર હુમલો કરવા સાથે ભારતના સહયોગ કે સહાયથી ઉભા થતાં મોટા ભાગના કાર્યરત પ્રોજેક્ટ તથા નિર્માણ પામી રહેલા વિવિધ પ્રોજેક્ટોને ભારે નુકસાન કરી વિનાશ વેર્યો છે જે કારણે ભારતને મોટો ફટકો પડ્યો છે. તે સાથે ભારત માટે તાલીબાન માથાનો દુખાવો બની શકે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે.....!

અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન સ્થપાતા ભારતને નુકસાન થયું જ છે પરંતુ આયાત કરતાં ભારતના વેપારીઓના નાણાં પણ ફસાઈ ગયા છે. એ તો ઠીક પરંતુ હજુ પણ અફઘાનિસ્તાનમાં હિંદુઓ અને શીખો ફસાયેલા છે. જો કે ભારત સરકારે બનતા પ્રયત્નો કરી અનેકોને ભારત લાવી દીધા છે. પરંતુ ત્યાં બાકી બચેલાઓને લાવવાનું તકલીફ બની ગયું છે. છતાં સરકાર પોતાના દેશવાસીઓને દેશમા પરત લાવવા સતત પ્રયાસો કરી રહ્યું છે. અફઘાનિસ્તાનમા લોકોમાં ડરનો માહોલ અને ફફડાટ એ કારણે છે કે તાલિબાન તમે તેને ગમે તે સજા ફટકારે છે. ત્યા ૧૪ થી ૪૦ ઉંમરની મહિલાઓ સલામત નથી. વિરોધ કરનારને ગોળી ધરબી દેવામાં આવે છે. ઉપરાંત મહિલાઓ માટે એવા નિયમો જાહેર કર્યા છે કે કોઇપણ મહિલાને કદી પણ સ્વતંત્રતા મળે નહીં. બીજી તરફ ભારતે સમજીને તાલિબાન શાસકો સાથે વાતચીતનો દોર રાખવો જરૂરી છે. પરંતુ તે માટે પણ સાવચેતી રાખવી અતિ જરૂરી છે. કારણ તાલીબાનોને મદદ કરનારા ચીન અને પાકિસ્તાન બંને છે. અને આ દગાખોર પડોશી દેશોને કારણે ભારતે વધુ જાગૃતતા દાખવવા સાથે બાજ નજર રાખવી પડશે. કારણ મિત્રતાના અંચળા હેઠળ ભારત સાથે ચીને શું કર્યું તે સૌ કોઈ જાણે છે.....!

# જે પાર્ટી પાટીદારોનું સમર્થન નહીં કરે તેનો બહિષ્કાર : લાલજી પટેલ



અમદાવાદ, ૨૪

અનામત આંદોલન ચાલુ જ છે અને આ વખતે આંદોલન માટે કોઈ ચહેરો નહીં હોય. આંદોલન સમયે જે સાથીઓ હતા તેઓ જે રાજકીય પક્ષ સાથે જોડાયેલા છે તેમને રાજકીય નેતા અને અનામત આંદોલનકારી તરીકે બોલાવીશું. નીતિન પટેલ મહેસાણાના છે, અમારા ધારાસભ્ય છે એટલે તેમને સ્થાનિક પ્રશ્નોને લઈને રજૂઆતો કરતા જ હોય છે. આંદોલન વેગ પકડે ત્યારે સામ, દામ, દંડ, ભેદથી અમારા લોકોને પાર્ટીમાં સમાવી લે કે પોતાની તરફ લઈ લે, પણ અમે લડત ચાલુ રાખીશું. ભૂતકાળમાં થયેલી ભૂલો ન થાય એ બાબતને ધ્યાનમાં રાખીશું અને લડત ચાલુ રાખીશું.વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલનમાં સક્રિય એવા સરદાર પટેલ સેવા દળ ગ્રુપ દ્વારા પાટીદાર આંદોલનમાં મૃત્યુ પામેલા ૧૪ પાટીદાર ભાઈઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ૨૬ ઓગસ્ટના રોજ આખા ગુજરાતમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં જ્યાં પાટીદારો વસે છે એ પોતાના ઘરે દીવો પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપો. સરદાર પટેલ ગ્રુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલે આજે પત્રકાર પરિષદ કરી જણાવ્યું હતું કે અમારા અનામત આંદોલનના અનામતના મુદ્દા સરકારે પૂરા કર્યા નથી. ચૂંટણી સમયે જ સરકાર તરફથી નોંધ લેવાતી હોય છે, પણ અમારી રજૂઆત ચાલુ જ છે. ચૂંટણીમાં મત એક જ અમારું હથિયાર છે, એટલે હવે જે રાજકીય પાર્ટી અમારું સમર્થન કે સહયોગ નહી કરે તેમને મત આપવાનો બહિષ્કાર કરીશું. લાલજી પટેલે આગળ ઉમેર્યું હતું કે સરકાર સત્તાનો ઉપયોગ કરીને બધા જ પ્રયાસ કરતી હોય છે, પણ અમને પરિણામ મળશે જ. લાલજી પટેલે કહ્યું, સરકાર દ્વારા ભૂતકાળમાં સમાજના વડીલોને સાથે રાખી ચર્ચા કરવામાં આવી હતી, જેમાં મૃતક પાટીદાર પરિવારોને સરકારી અને અર્ધસરકારી નોકરી આપવાનું વચન સરકાર ભૂલી ગઈ છે.

### કાંકરિયા ઝૂમાં ૧ કરોડના ખર્ચે પ્રાણીઓના પોસ્ટમોર્ટમ માટે બિલ્ડિંગ તૈયાર કરાશે

અમદાવાદ, ૨૪

મ્યુનિ. રિક્રિએશન કમિટીના ચેરમેન રાજેશ દવેએ કહ્યું કે, શિડ્યુલ-૧ પક્ષી અને પ્રાણીના અંતિમ સંસ્કાર માટે વ્યવસ્થા કરી છે. કાંકરિયા ઝૂમાં ૧ કરોડના ખર્ચે એક બિલ્ડિંગ તૈયાર થશે જેમાં મૃતક પક્ષી અને પ્રાણીઓના પોસ્ટમોર્ટમ થઈ શકશે. એક કરોડની બિલ્ડિંગ તૈયાર કરવા ૩૫ લાખ કેન્દ્ર સરકાર આપશે જ્યારે બાકીના ૬૫ લાખ મ્યુનિ. આપશે.

શહેરના ૨૮૩ બગીચામાં પ્રાણીઓની લાદનો ઉપયોગ થાય છે. કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં રહેતાં પ્રાણી અને પક્ષી મૃત્યુ પામે તો તેમના અંતિમ સંસ્કાર બાળીને અથવા દાટીને કરાતા હતા. હવે તેમના અંતિમ સંસ્કાર માટે ઝૂની અંદર જ સીએનજી ભઠ્ઠી તૈયાર કરાશે. પર્યાવરણ અને લાકડાની બચત કરવાના હેતુથી મ્યુનિ. ના રિક્રિએશન વિભાગે ૪૦ લાખના ખર્ચે ભઠ્ઠી તૈયાર કરવા નિર્ણય કર્યો છે. સીએનજી ભઠ્ઠી બનાવવાનું શરૂ થઈ ગયું છે અને ૪ મહિનામાં તેનો ઉપયોગ શરૂ થશે.

## ફિલ્મી ગપસપ

કોઈ સમય કાયમી નથી હોતો

-માણસે સફળતાના નશામાં છકી ન જવું જોઈએ

રાજેશ ખન્ના સુપરસ્ટાર હતા એ સમયની વાત છે. તેમની એક પછી એક ફિલ્મ્સ સુપરહિટ સાબિત થઈ રહી હતી અને તેઓ દેશભરના પ્રેક્ષકોના દિલ પર રાજ કરવા લાગ્યા હતા. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં કોઈએ ન જોઈ હોય એવી સફળતા તેઓ માણી રહ્યા હતા. મુંબઈના બાંદ્રા વિસ્તારમાં તેમના 'આશીર્વાદ' બંગલોની બહાર તેમની વિદેશી કાર બહાર નીકળે એ સાથે સેંકડો છોકરીઓ તેમની કારને ઘેરી વળતી. ઘણી વખત હજારો ચાહકો તેમના ચહેરાની એક ઝલક જોવા માટે તેમના બંગલોની સામે ફૂટપાથ અને રોડ પર જમા થઈ જતા હતા. રાજેશ ખન્ના આવે કે જાય ત્યારે એ બંગલોના રોડની બહાર ટ્રાફિકજામ જેવી સ્થિતિ પણ સર્જાતી હતી.

એવી પ્રચંડ લોકપ્રિયતા અને સફળતા માણી રહેલા રાજેશ ખન્નાના મનમાં અહંકાર આવી ગયો હતો. એ સમય દરમિયાન અમિતાભ બચ્ચન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સફળ થવા માટે સઘર્ષ કરી રહ્યા હતા. રાજેશ ખન્નાની એક પછી એક ફિલ્મ સુપરહિટ થતી જતી હતી અને અમિતાભ બચ્ચનની એક પછી એક ફિલ્મ નિષ્ફળ થતી જતી હતી. અમિતાભ બચ્ચનની અગિયાર ફિલ્મો ફ્લોપ થઈ ચૂકી હતી. અને તેમને લોકો બુંદિયાળ - અપશુકનિયાળ માનવા લાગ્યા હતા. એ સમયમાં અભિનેત્રી તરીકે સફળતા મેળવી ચૂકેલાં અભિનેત્રી જયા ભાદુરીએ અમિતાભ બચ્ચનમાં ટેલન્ટ જોઈ હતી અને તેઓ તેમના પ્રેમમાં પડી ગયા હતા. અમિતાભના સંઘર્ષના દિવસો દરમિયાન રાજેશ ખન્ના સફળતાની ટોચ પર હતા એ સમયમાં રાજેશ ખન્ના અને જયા ભાદુરી 'બાવરચી' ફિલ્મમાં સાથે અભિનય કરી રહ્યા હતા. એ વખતે અમિતાભ જયાજીને મળવા માટે 'બાવરચી' ફિલ્મના સેટ પર જતા હતા. ત્યારે રાજેશ ખન્ના અમિતાભને તુચ્છકારભરી નજરે જોતા હતા. તેઓ તેમની સાથે વાત પણ કરતા નહોતા. અમિતાભ આવીને તેમને 'ગુડ મોર્નિંગ' કહે તો જાણે પોતાની સામે કોઈ માણસ આવ્યો જ નથી એ રીતનો વર્તાવ ખન્ના કરતા હતા. વિખ્યાત પત્રકાર અલી પીટર જોને આ કિસ્સો ક્યાંક લખ્યો પણ હતો અને ઉમેર્યું હતું કે રાજેશ ખન્ના એ સમયમાં પોતાને ભગવાન સમજવા માંડ્યા હતા. એ સમયમાં રાજેશ ખન્ના, જયા ભાદુરી સાથે વાત કરતા હતા પણ અમિતાભ બચ્ચનની હાજરીની નોંધ સુધ્ધાં નહોતા લેતા.

પછી સમય બદલાયો અમિતાભ બચ્ચનની 'ઝંઝીર' અને 'દીવાર' ફિલ્મ્સ સુપરહિટ સાબિત થઈ અને અમિતાભ નવા સુપરસ્ટાર તરીકે ઊભરી આવ્યા. એ પછી એક વખત મુંબઈના જુહુ વિસ્તારની ફાઈવસ્ટાર હોટેલ 'સન એન સેન્ડ'માં એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાજેશ ખન્ના ગયા હતા અને એ કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન પણ આવ્યા. અમિતાભ બચ્ચનને જોઈને ઊગતા સૂરજને પૂજવાવાળી આ સોસાયટીમાં - આ દુનિયામાં જેમ બને છે એ રીતે અમિતાભ બચ્ચનને જોઈને લોકો તેમના તરફ ધસ્યા. રાજેશ ખન્ના પાસે તેમના ગણ્યાગાંઠ્યા ચમચાઓ અને થોડા નજીકના મિત્રો ઊભા રહ્યા. રાજેશ ખન્નાને એ પોતાનું હડહડતું અપમાન લાગ્યું અને તેઓ એ પાર્ટી છોડીને જતા રહ્યા! એ પછી અમિતાભ બચ્ચન સતત ટોચ તરફ આગળ વધ્યા અને રાજેશ ખન્ના નિષ્ફળતાની ખીણમાં પટકાતા ગયા.

માણસનો સમય સારો હોય ત્યારે માણસે લોકોની સાથે સારી રીતે વર્તવું જોઈએ. કોઈ સમય કાયમી નથી હોતો. માણસે સફળતાના નશામાં છકી ન જવું જોઈએ. માણસ જ્યારે સફળ થઈ ગયો હોય, સફળતા માણી રહ્યો હોય ત્યારે તેણે તેની આજુબાજુની વ્યક્તિઓને હડધૂત તો ન જ કરવી જોઈએ. તેને માન આપવું જોઈએ.

# ગાંધીધામમાં શ્રાવણ માસના દર સોમવારે ૫૦૦ કિલોથી વધારેનું ફરાળી વાનગીઓનું વિતરણ

ગાંધીધામ,૨૪

ગાંધીધામ સંકુલમાં દર સોમવારે માત્ર ફરાળી કચોરી, સાબુદાણા વડા, સાબુદાણાની ખીચડી, વેફર્સ, ચેવડો જેવી ફરાળી વાનગીઓનું વેચાણ ઓછામાં ઓછું ૫૧૦ કિલો થાય છે. પહેલાના સમયમાં ફરાળમાં વધુમાં વધુ વેફર અને ચેવડો મળતા હતા જે આજના સમયમાં ફરાળી દાબેલી, નુડલ્સ થી લઇ ફરાળી પિત્ઝા સુધીની વાનગીઓ બજારમાં મળી રહી છે. જેને કારણે એક સમય કે એક દિવસ પાચનતંત્રને આરામ આપવાને બદલે જંક ફૂડનું સેવન કરી પાચન તંત્રનું કામ વધારી દેવાય છે. જે શરીરને ફાયદો કરવાને બદલે નુકસાન કરતા હોવાનો મત ચર્ચાનો વિષય બનતો રહે છે. ગાંધીધામ સંકુલમાં શ્રાવણી સોમવારના દિવસે લોકો ૫૦૦ કિલોથી વધુ ફરાળી વાનગીઓ આરોગતા હોવાનું બજારના વેંચાણ પર કરાયેલા સર્વેક્ષણ ઉપરથી તારણ બહાર આવ્યું છે. હવે ફરાળી વાનગીઓનું માર્કેટમાં વ્યાપ સતત વધી રહ્યો છે, અલગ અલગ પ્રયોગો કરીને પિત્ઝા થી લઈને દાબેલી સુધીની વાનગીઓ ફરાળી બનાવાઈ રહ્યા છે અને ધુમ વેંચાણ પણ પામી રહ્યા છે. શ્રાવણ મહિનામાં ઉપવાસ-એકટાણા કરવાની પ્રથા યુગોથી ચાલી આવે છે. આ વ્રતની ઉત્પત્તિનું મુખ્ય કારણ મનુષ્યોની તંદુરસ્ત સુખાકારી હતી, આ સમય દરમિયાન ખાવાની આદતોને નિયંત્રિત કરવી સારી ગણવામાં આવે છે કારણ કે ઋતુઓમાં મોટા ફેરફારો અને પાચનતંત્ર મંદ પડવાથી આવી સિઝનમાં ઓછો અને હળવો ખોરાક ખાવાથી શરીર ઉપર વિપરિત અસર ન પડે તે ઉદ્દેશથી એકટાણું કે ઉપવાસ કરવાનું કહેવાયું છે. જે વજ્ઞાનિક બાબતોને ધર્મ સાથે સાંકળીને જન હિતાર્થે લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ હોવાનો તર્ક પણ તત્વજ્ઞાનીઓ આપે છે. તેનાથી વિપરીત જે લોકો ઉપવાસ કે એકટાણું કરે છે તેઓ તેમના ઉપવાસ દરમિયાન તેલયુક્ત અને જંક ફૂડ પસંદ કરે છે.

## ગાંધીનગરમાં વર્ષોથી સર્જાતી ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવા સ્થાનિકોની માંગ



ગાંધીનગર, ૨૪

ગાંધીનગરમાં કોરોના સંક્રમણ સદંતર નહીવત થઈ ગયું છે. ત્યારે વેપાર ધંધા પણ રાબેતા મુજબ શરૂ થઈ ચૂક્યા છે. પરંતુ કોરોના ગાઈડ લાઈનની કડક અમલવારી નો નિયમ હજી પણ યથાવત છે. આગામી સમયમાં આવનારી સંભવિત કોરોનાની ત્રીજી લહેર સામે આરોગ્ય તંત્ર સજ્જ થઈ રહ્યું છે. ગાંધીનગર પોલીસ દ્વારા શહેરમાં રાહદારીઓને અડચણ રૂપ તેમજ નાગરિકોની જિંદગી જોખમાય તેવા એકલ દોકલ લારીઓ, રીક્ષા સહિતના ધંધાદારી તેમજ માસ્કનાં નિયમોનું ઉલ્લંઘન કરતા લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી કામગીરી કર્યાનો સંતોષ માની લેવામાં આવી રહ્યો હોય છે. પરંતુ સેકટર ૨૪, સેકટર ૭ શાક માર્કેટ સહિતના વાણિજય સંકુલ આગળ અડચણ રૂપ અને નાગરિકોની જિંદગી જોખમાય તે રીતે ઉભી રહેતી હાટડીઓ સામે નત મસ્તક થઈ આંખ આડા કાન કરી પોલીસ કોઈ જીવલેણ બનાવ બને તેની રાહ જોઈ રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

નાગરિકો સહિતના નાના મોટા ધંધાદારીઓ કોરોનાને ભૂલીને ભૂતકાળમાં કરેલી ભૂલોનું જ અનુકરણ કરી રહ્યા છે. જેની કિંમત ઘણા નાગરિકોને જીવ ગુમાવી ને ચૂકવવી પડી હતી. તેમ છતાં ગાંધીનગરના માર્કેટની ભીડ કોરોનાની ત્રીજી લહેર ને આમંત્રણ આપી રહી હોય તેવું દેખાઈ રહી છું. બીજી તરફ પોલીસ કોરોનાના નિયમો તેમજ રાહદારીઓને અડચણ રૂપ તેમજ નાગરિકોના જીવ જોખમાય તે રીતે માર્ગો પર ઊભા રહેતા એકલ દોકલ રીક્ષા, નાસ્તાની લારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરી સંતોષ માની લેવામાં આવી રહ્યો છે. જ્યારે ગાંધીનગરનાં સેકટર ૨૪, સેકટર ૭,સેકટર ૨૧ શાક માર્કેટ તેમજ વાણિજય સંકુલો આગળના માર્ગો પર ઉભી રહેતી હાટડીઓ તેમજ વાહનો સામે પોલીસ આંખ આડા કાન કરી મૂક પ્રેક્ષકની ભૂમિકા ભજવી રહી છે.

# કપાસના વાયદામાં રૂ.૧૦.૫૦ અને રૂ (કોટન)માં રૂ.૧૨૦ની નરમાઈ: સીપીઓમાં સીમિત સુધારો

### સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિઃ મેન્થા તેલ ઢીલુઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૧ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૨૭ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૨,૬૯૩ સોદાઓમાં કુલ રૂ.૧૧,૧૭૨.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ થઈ હતી. સીસા સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૦.૫૦ અને રૂ (કોટન)નો વાયદો ગાંસડીદીઠ રૂ.૧૨૦ નરમ રહ્યો હતો. આ સામે ક્રૂડ પામતેલ (સીપીઓ)માં સીમિત રેન્જમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો. મેન્થા તેલ ઢીલું ટ્રેડ થઈ રહ્યું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૧ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૧૨૭ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૦,૯૭૨ સોદાઓમાં કુલ રૂ.૩,૩૨૨.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૫૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૬૪૨ અને નીચામાં રૂ.૪૭,૪૭૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬ વધી રૂ.૪૭,૬૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૨ વધી રૂ.૩૮,૦૮૫ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ વધી રૂ.૪,૭૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૭૯૨ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૨૭૭ અને નીચામાં રૂ.૬૨,૭૩૬ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૭ વધી રૂ.૬૩,૨૧૪ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૦૬ વધી રૂ.૬૩,૩૪૫ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૯૬ વધી રૂ.૬૩,૩૪૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ પર ૧૮,૩૧૪ સોદાઓમાં રૂ.૩,૩૦૯.૩૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ વધી રૂ.૨૦૮.૮૫ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ વધી રૂ.૨૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨ વધી રૂ.૭૧૧.૬૦ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૫ વધી રૂ.૧,૪૪૧.૫૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૩૫,૬૭૯ સોદાઓમાં કુલ રૂ.૨,૨૭૦.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૪,૮૯૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪,૯૭૬ અને નીચામાં રૂ.૪,૮૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૨ વધી રૂ.૪,૯૬૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૦ વધી રૂ.૨૯૩.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ પર ૩,૨૨૭ સોદાઓમાં રૂ.૩૩૮.૪૩ કરોડનાં કામકાજ થયા હતા. એમસીએક્સ કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫૯ અને નીચામાં રૂ.૧૪૪૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૧,૪૫૩ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૯૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૩૮૯ અને નીચામાં રૂ.૧૭,૯૦૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૫ વધી રૂ.૧૮,૨૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૮૭ અને નીચામાં રૂ.૧૧૭૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૩૦ વધી રૂ.૧૧૮૪.૨૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૧૦ ઘટી રૂ.૯૦૮.૫૦ અને એમસીએક્સ કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૨૦ ઘટી રૂ.૨૫,૬૭૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૭૫૩ સોદાઓમાં રૂ.૧,૩૧૫.૬૫ કરોડનાં ૨,૭૬૭.૦૩૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૯,૨૧૯ સોદાઓમાં કુલ રૂ.૨,૦૦૭.૦૫ કરોડનાં ૩૧૭.૩૪૨ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૪૨.૬૬ કરોડનાં ૧૧,૬૯૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૭૪.૧૩ કરોડનાં ૧૧,૧૧૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૭૦૬.૮૧ કરોડનાં ૨૪,૦૩૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૯૬૪.૧૨ કરોડનાં ૬,૭૧૮.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૨૧.૬૬ કરોડનાં ૬,૮૦૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧,૮૫૦ સોદાઓમાં રૂ.૯૩૧.૦૫ કરોડનાં ૧૮,૯૦,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩,૮૨૯ સોદાઓમાં રૂ.૧,૩૩૯.૯૨ કરોડનાં ૪,૫૫,૭૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૦ સોદાઓમાં રૂ.૦.૨૯ કરોડનાં ૪૦ ટન અને કોટનના વાયદાઓમાં ૮૮૨ સોદાઓમાં રૂ.૮૨.૨૨ કરોડનાં ૩૧૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૮૧૯ સોદાઓમાં રૂ.૩૦.૪૪ કરોડનાં ૩૩૦.૪૮ ટન, રબરના વાયદાઓમાં ૫૦ સોદાઓમાં રૂ.૧.૧૯ કરોડનાં ૬૬ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૪૬૬ સોદાઓમાં રૂ.૨૨૪.૨૯ કરોડનાં ૧૯,૩૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૨૪૨.૦૭૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૬૨.૧૬૪ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૯૨૦ ટન, જસત વાયદામાં ૭,૦૯૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૩,૪૪૫૦ ટન, નિકલ વાયદામાં ૨,૩૩૧૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૨૭૫ ટન, ક્રૂડ તેલમાં ૫,૭૧,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૯૮,૫૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૯૨ ટન, કોટનમાં ૬૫૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૧.૯૬ ટન, રબરમાં ૧૪૯ ટન, સીપીઓમાં ૭૯,૨૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૦૫ સોદાઓમાં રૂ.૧૦૫.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૦૨ સોદાઓમાં રૂ.૫૬.૭૧ કરોડનાં ૭૯૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૦૩ સોદાઓમાં રૂ.૪૮.૫૪ કરોડનાં ૬૨૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૦૧૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૭૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૨૨૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૨૭૪ અને નીચામાં ૧૪,૨૧૩ના સ્તરને સ્પર્શી, ૬૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૦ પોઈન્ટ વધી ૧૪,૨૬૭ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૫૨૨ના સ્તરે ખૂલી, ૧૨૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૨ પોઈન્ટ વધી ૧૫,૫૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૨૩,૧૯૬ સોદાઓમાં રૂ.૧,૮૨૬.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૭.૭૨ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯૩.૧૯ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૧૫.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાવણ માસના તહેવારો" વિષયક રચનાઓ(૨૫-૮-૨૦૨૧)દિવસ - ૨

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS No.0081
વિષય : શ્રાવણ માસનાં તહેવાર
પ્રકાર : ગદ્ય
શબ્દો: ૩૪૯
શીર્ષક : નોળી નોમ

શ્રાવણમાસ એટલે તહેવારોનો મહિનો,આની ભૂમિકા વિશે વિચાર કરીએ તો ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી ચાતુર્માસમાં આ તહેવારોનો સંબંધ ખેડૂતોની નિરાંત અને સામાજિક જીવન સાથે સુસંગત હોઈ શકે.વૈશાખ-જેઠનાં તડકા અને તનતોડ મહેનત બાદ આષાઢી મેઘથી ભૂમિપુત્ર શાતા પામી ઉત્તમ ઉપજની આશા બાંધી વિવિધ તહેવારો દરમિયાન દેવને રીઝવે છે.

આવાં તહેવારોમાં એક એટલે નોળી નોમ. ગુજરાતમાં એમાં પણ ખાસ દક્ષિણ ગુજરાતમાં ઊજવાતા આ દિવસે નોળિયાને પૂજાયછે.શ્રાવણ સુદ નોમના દિવસે જુવારના લોટથી નોળિયો બનાવી સ્થાપના કરાય છે.તેની આસપાસ આ જ લોટથી નવ દીવા કરવામાં આવે છે . નોળિયાને કંકુથી તિલક કરી અબીલ ગુલાલ ચઢાવાય છે.વસ્ત્ર પણ ચઢાવાય છે તો કેટલાંક એને બ્રાહ્મણનો અવતાર માની જનોઈ પણ પહેરાવે છે.સ્ત્રીઓ
પાલવ પાથરી સંતાનોનું સાપથી રક્ષણ કરવા વિનંતી કરે છે. સંતાન વિહોણી સ્ત્રી સંતાન માટે પ્રાર્થના કરે છે.

તે દિવસે નવ પ્રકારનાં ફણગાવેલા કઠોળને જુવારનાં રોટલા સાથે ખવાય છે.મસાલા વિના ખાવામાં આવે છે.આ માટે પોળ કે શેરીની સ્ત્રીઓ એક ઘરે સાથે ખાય અને એકટાણું કરે.આમ સામુદાયિક ભાવના વિકસે છે.એક પરંપરા પ્રમાણે બહેન ભાઈનાં રક્ષણ માટે તે દિવસે ઘઉં ન ખાય.આગળ આવતી વાર્તા પ્રમાણે છાશ કે દૂધ પણ ન વપરાય. સૂર્યાસ્ત પહેલાં એ લોટનાં નોળિયાને નદી, તળાવમાં પધરાવી પ્રકૃતિમાં વિલીન કરી દેવાય.

આપણાં દરેક તહેવાર સાથે ધર્મ કે પ્રકૃતિનું જોડાણ હોય જ છે.એક સંતાન વિહિન બ્રાહ્મણ દંપતિને સંતાનનું દુઃખ વસમું લાગતાં એક નોળિયાને પાળ્યો. પોતાનાં સંતાન જેટલો જ તેના પર અનુરાગ હતો બંનેને. એવામાં બ્રાહ્મણ
સ્ત્રી ગર્ભવતી થઈ.આ ચમત્કારનું શ્રેય નોળિયાને જ મળ્યું.

દંપતિને ઘેર એક પુત્રનો જન્મ થયો.ખુશીનો પાર નહોતો.નોળિયા પર હજુ એટલો જ પ્રેમ દર્શાવતાં. ઘોડિયામાં સૂતેલાં પુત્રનું ધ્યાન રાખવાનું નોળિયાને સોંપી બ્રાહ્મણ પત્ની પાણી ભરવા ગઈ.પાછી ફરી તો નોળિયાનું લોહીવાળું મોં જોઈ એનાં મગજે જુદો જ હિસાબ માંડ્યો.એણે નોળિયાને પોતાનાં પુત્રનો હત્યારો માની અધમૂઓ કરી નાખ્યો.પછી એને જંગલમાં મૂકી આવી.

? ઘેર આવી જોયું તો પુત્ર ઘોડિયામાં રમી રહ્યો હતો.પાસે સાપનો મૃતદેહ ટુકડાં થઈ ?પડ્યો હતો.એ ધ્રૂજી ઊઠી . પસ્તાવાનાં આંસુ સારી રહી.પુત્ર પર વ્હાલ વરસાવી રહી હતી તેવામાં ઈજા પામેલો નોળિયો ધીમેથી આવી ગભરાઈને છાશનાં બોઘરણા પર સંતાયો.નિરાશ બ્રાહ્મણ પત્ની છાશ કરવા ઊઠી અને વલોણાંથી પાછો નોળિયો છેદાઈ ગયો .

એની લાગણી ભરી પ્રાર્થનાથી નોળિયો જીવતો થયો અને અમર થઈ ગયો.છાશનાં વલોણાંથી છેદાયો તેથી છાશ,માખણ વર્જ્ય હોય.એક સાવ ઓછાં જાણીતાં પ્રાણી સાથે તહેવાર જોડાયો.

માયા દેસાઈ ,મુંબઈ ભારત .

---

NOG SS NO : 0079
વિષય: શ્રાવણ માસના
તહેવાર
શીર્ષક: વધાવો
પદ્ય

પેલો આવ્યો જોને મલકતો શ્રાવણ
વર્ષાની ઝડી લઈ આવ્યો શ્રાવણ
તહેવારથી છલકાતો જુઓ શ્રાવણ
સખીઓ ઉમંગે રુમઝુમે શ્રાવણ
ભાઈ બહેન પ્યાર જતાવે શ્રાવણ
કાનો આવે ધુમ મચાવે શ્રાવણ
ગોકુળ ગામ હરખે ગાયે શ્રવણ
શંકરની ભક્તિમાં તરબોળ શ્રાવણ
ભજન કીર્તનમાં મશગુલ શ્રાવણ
મહિનાઓમાં મુકુટ સમાન શ્રાવણ
વ્રત ઉપવાસ મહિમા ગાતો શ્રાવણ
ગુણલાં ગાતા ન થાકે જીભ શ્રાવણ
અંગ અંગમાં નૃત્ય ભરે શ્રાવણ
પ્રેમે ઉજવો હર એક દિન શ્રાવણ
જગમાં આનંદ ખોબલે ભરે શ્રાવણ
દોડીને આવો વધાવો સહુ શ્રાવણ

પ્રવિણા કડકીયા...હ્યુસ્ટન.અમેરિકા

---

NOG SS NO:004
વિષય:શ્રાવણ તેના તહેવાર સાતમ આઠમ નોમ અને રક્ષાબંધન
શબ્દો: ૩૪૮
શીર્ષક:

શ્રાવણ તેના તહેવારો સાથે જોડાયેલ.. મેળા નેચગડોળ..

ભરૂચનો એક પરંપરાગત રીવાજ સાતમ, આઠમ ,નોમ અને દશમ ને દિવસે છડી ને પુરૂષો પોતાના કૌશલ્યની નચાવે છે ને વાજતે ગાજતે મેઘરાજાની મૂર્તિ પાસે લઈ જાય છે.ભરૂચમાં તેને ફેરવી મેઘરાજાને નર્મદા નદીમાં પધરાવી વિદાય કરી દેછે.આ મેઘરાજાને નાના બાળકોને ભેટાડવાનો રીવાજ છે.માન્યતા છે કે બાળકની માંદગી દૂર થાય ને બાળક તંદુરસ્ત રહે છે.

બે કોમની છડી નાની મોટી બેન ગણાય તેને સુંદર શણગારે છે. મેઘરાજાની નર્મદા માંથી માટી લાવી દિવાસાને દિવસે સ્થાપના કરાય છે ને ,બળેવને દિવસે પૂરો શણગાર થાય છે.શ્રાવણ વદદસમ ને દિવસે તેમને નર્મદામાં જ પધરાવવા લઈ જાય છે. સાતમ, આઠમ ને નોમના મેળા ભરાય છે.

મેળો એ શ્રાવણનાં તહેવારોનું સુંદર નજરાણું તેમાં તૈયાર થઈ આજુબાજુનાં ગામડાંમાંથી કેટલાંય યુવાન હૈયા આવતાને મેળાની મજા લેતાં. ચગડોળને ઓળખતી થઈ તો તેનો સીધો સંબંધ મેળા સાથે તો ખરો.ભરૂચમાં શ્રાવણ એટલે મેળાની સીઝન.ચગડોળ, અને પારણાં ,મજા આવી જતી.

ત્યારે હાથથી વજન વંઢારતા એ ચગડોળના માલિકો પાસે એક કાણાં પૈસાથી શરૂઆત કરેલી..પણ જેમ જેમ મોટી થતી ગઈ તેમ પાંચ પૈસા, વીસ પૈસા, ચાર આના..આપતા થયા. પૈસા વધતા ગયાને ચગડોળ વાળાના ચક્કર ઓછા થતાં ગયા. દસ બાર માંથી બે ત્રણ થયા.પારણાંમાં યુવાન હૈયાની આપલે થતી. રૂમાલ બદલાતા. કેટલાંક પ્રેમ સફળ થતાં તો કેટલાંક અસફળ.

મોંઘવારી અહીં દર્શન દેવા લાગી, સમજ વધતી ગઈ.ચગડોળની જેમ જ સંસારની ઘટમાળ પણ સમજાવા લાગી.. આજે રોકડાં ને કાલે ઉધારની વાત નાના નાના ફેરફારો લાવતી ગઈ. હાથ વડે મરાતા ધક્કા હવે આસાનીથી વીજળીની રફ્તારે પહોંચી ગયા. ઠેર ઠેર ભરાતા મેળા મેદાનોમાં સ્થાન પામતા ગયાં.

યાદ છે? પેટમાં થતી ગરબડ આપણે તુલના કરી શકીએ સંસારમાં થતાં એ પેટમાંના વિણાચૂટા સંસાર સાથે. ઊંચી નીચી થતી ચગડોળ માનવના થતાં ઊંચાનીચા સંસાર જેવી જ છે.. વીજળીથી ચાલતી ચગડોળ નવી રફ્તાર જેવી છે..હવે એમ્યૂઝમેન્ટની શોભાને અઘધઘ રૂપિયા લઈ આનંદ આપતી ચગડોળ...! વધી રહેલી લક્ઝરી (જાહોજલાલી ) ની પ્રતિક છે...!અવિનાશ વ્યાસનું સુંદર ગીત યાદ કરીએ.. ચરર મારું ચકડોળ ચાલે,આમ શ્રાવણની યાદો, ઉપવાસો ને પાઠપૂજા તેના દરેક તહેવારનો મહિમા અનેરો હોય.. માનવી જીવનની ગાડીનાં ચાર પૈડા એટલે જ સુખ દુઃખ તહેવાર ને પાઠપૂજા.ભારતની વિવિધતામાં એકતા એટલે તહેવારોની ઉજવણી.

જયશ્રી પટેલ

---

NOG SS No-0011
વિષય:- રક્ષાબંધન
પ્રકાર:-:- પદ્ય
શીર્ષક:- આવજે બેનડી....

ભાઈ બેનનાં હેતનો સંબંધ, પાળવા આવજે બેનડી,
રાહ જોતાં વીરાને તું રાખડી બાંધવા આવજે બેનડી.
લાવે કંકુ,ચોખા ને મીઠાઈ થાળીમાં પાવન તહેવારે,
ઓવારણાંથી ભાઈનાં દુઃખ ભાંગવા આવજે બેનડી.
આજે છીએ નાનાં આપણે, કાલે થાશું મોટાં જગમાં,
જીવનનાં સુખને નહીં દુઃખને ટાળવા આવજે બેનડી.
ભેટ સોગાદ આપી લઉં, આશીર્વાદ વ્હાલી બેન તારાં,
રાખડીના બંધનનો સંબંધ પાળવા આવજે બેનડી.
રાખડીમાં ચમકે હીરાની ને જગમાં ચમકે તારો વીરો,
આ રાખડી ને તારની જોડીને જોડવા આવજે બેનડી.

મનોજકુમાર પંચાલ,'મન', પાલનપુર

---

NGO સાહિત્ય પરિવાર
વિષય - શ્રાવણ મહિનામાં આવતાં ધાર્મિક તહેવારો
શીર્ષક -- પ્રેમનું બંધન "રક્ષાબંધન"
શબ્દો -- ૩૪૭

શ્રાવણ મહિનો ધાર્મિક તહેવારોનો મહિનો છે. રૂટિન જિંદગીથી કંટાળેલા માણસને તહેવારો અને ઉત્સવો ઉજવીને જીવનમાં નવી ઉર્જા ભરવાનું ગમે છે.

રક્ષાબંધન એટલે કે બળેવનાં દિવસે બ્રાહ્મણો નદીમાં નાહીને એમની જનોઈ બદલે છે. આ દિવસને શ્રાવણી પૂનમ પણ કહે છે. આ પવિત્ર દિવસે બહેન, ભાઈનાં હાથે રાખડી બાંધીને એનાં માટે સુખ-શાંતિની પ્રાર્થના કરે છે, જ્યારે ભાઈ, બહેનને એનાં સંકટ સમયે સદાય એની સાથે રહેવાનું અને અનિષ્ટોથી રક્ષણ કરવાનું વચન આપે છે.

ભાઈબહેનનાં પવિત્ર અને નિઃસ્વાર્થ સંબંધને સ્નેહથી સાંકળી રાખતો રક્ષાબંધનનો તહેવાર બધાં ભાઈબહેન ધામધૂમથી ઉજવે છે. જેની પાસે તન, મન, ધનથી મુશ્કેલીઓમાં ઓથ અને સાથ આપવા સદાય તત્પર રહે એવો એક ભાઈ હોય એ બહેન પોતાને નસીબદાર માને છે! બહેન જે રીતે ભાઈ અને એનાં કુટુંબનું સુખ અને શાંતિ વાંછતી હોય છે એ જ રીતે ભાઈ પણ હંમેશા ઈચ્છતો જ હોય છે કે પોતાની બહેન એનાં કુટુંબ સાથે ખૂબ સુખી હોય. બંને એકબીજાનાં શુભ અને કલ્યાણ માટે પ્રાર્થનાં કરે છે. આ એક એવો નિઃસ્વાર્થ સબંધ છે જ્યાં માત્ર સુખ આપવાની અને દુઃખને હરાવવાની મજબૂત ભાવના હોય છે.

લોહીનાં સંબંધો અતિરિક્ત પણ લાગણીથી જોડાયેલાં અને બંધાયેલાં ભાઈ બહેનનો સંબંધ પણ અનોખો હોય છે.ઋણાનુબંધથી બંધાતા સંબંધો પણ લોહીનાં સંબંધો જેટલાં જ પવિત્ર અને નિઃસ્વાર્થ હોઈ શકે. આ સંબંધો પણ સ્નેહની સાંકળથી મજબૂત બને છે અને એકબીજાને જરૂર પડે ત્યારે તન, મન અને ધનથી સહાય અને હૂંફ આપવા માટે તૈયાર હોય છે.

ઘણી વાર પિતાની આવકમાંથી હિસ્સો મેળવવા બાબતે ભાઈ-બહેનનાં સંબંધોમાં ખટરાગ આવી જાય છે.જ્યાં પૈસા અને મિલ્કત કરતાં લાગણીનું, રક્તનાં સંબંધોનું મહત્ત્વ વધારે હોય ત્યાં આ બાબતો ગૌણ બની જાય છે.

સંબંધ કોઈ પણ હોય, બંને પક્ષે સ્નેહ, સમર્પણ, ત્યાગ અને સહનશીલતા હોય તો એ સંબંધ નીખરી ઉઠે છે. આવા સંબંધો જીવનબળ પૂરું પાડે છે, જીવન જીવવાનો આનંદ આપે છે અને આ ધરતી ઉપર પરિસ્થિતિ કોઈ પણ હોય પણ કોઈક મારું છે જ એવી ભાવના બળવત્તર બને છે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ હારતી નથી!

ઈન્દ્રને ઈન્દ્રાણીએ કુંતમાતાએ યુદ્ધમેદાનમાં જતાં પૌત્ર અભિમન્યુને, હુમાયુને એમની માનેલી બહેન કર્મવતીએ રક્ષા બાંધી હતી. રક્ષા કોઈને પણ બાંધી શકાય. શાસ્ત્રો અનુસાર બહેન સિવાય માતા અને ગુરુ પણ રક્ષા બાંધી શકે છે.

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ



पूज्यपाद तिलकायत गोस्वामी श्री राकेशजी महाराजश्री एवम् चिरंजीव गोस्वामी श्री विशाल बावा साहब के शुभाशीर्वाद एवं आज्ञा से आज श्रीनाथजी मंदिर उदयपुर में श्री ध्रुव बारी का नवीनीकरण/ जीर्णोद्धार का शुभ मुहूर्त नाथद्वारा से श्री पांडियाजी, उदयपुर श्रीनाथजी मंदिर के अधिकारी श्रीमान कैलाश जी पुरोहित, वैष्णव समिति के सदस्य महानुभाव ओर सेवाभावी वैष्णव जो इस सेवा के सहभागी बने श्री गर्वित भाई पारीख, मंदिर के मुखियाजी, सेवादार ,वैष्णव परिषद के राजेश भाई मेहता की उपस्थिति में संपन्न हुआ 5:20 PM

## ગોવર્ધન ગૌશાળા—દ્રોણ દ્વારા 'નૂતન ગૌવર્ધન ગૌશાળાનું ઉદઘાટન








ગાયમાતા ભારતીય સંસ્કૃતિની દિવ્યતા અને દેવત્વનું પરમ પવિત્ર પ્રતિક છે. ગાયમાતાના માનવ જાતિ ઉપર અન્નય ઉપકારો છે. ગાયને માતા અને દેવતુલ્ય માનવામાં આવે છે. ×માતવે રક્ષતિ× એવા દિવ્યા ભાવથી પ્રાર્થના કરવામાં આવી છે. જેમની મહિમા અપાર છે એવી ગાય માતા માટે પ.પૂ. હરિકૃષ્ણદાસજી સ્વામી (શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ દ્રોણેશ્વર) ના વરદ હસ્તે તથા શ્રી મા કામધેનુ નિવાસ (નિવ ફાઉન્ડેશન), શ્રી કૃપાબેન પુરોહિત તથા શ્રી મીનાબેન દાવડા (શ્રી માનવતા ગૌશાળા) અને કરૂણા સેવક ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સુરત)ના યજમાન પદે 'નૂતન ગૌવર્ધન ગૌશાળા' નું ઉદઘાટન શ્રાવણ વદ—૪, બોળચોથ, તા. ૨૬ ઓગષ્ટને ગુરૂવારના રોજ ગૌપૂજન સવારે ૧૦—૦૦ કલાકે, ગૌશાળા ઉદઘાટન સવારે ૧૦—૩૦ કલાકે, ગૌયજ્ઞ બીડા હોમ સાંજે ૪-૦૦ ક્લાકે રાખવામાં આવ્યું છે. આ ઉદઘાટનમાં સૌ ગભકતોને પધારવા માટે ગોવર્ધન ગૌશાળા (દ્રોણ) તા. ગીર ગઢડા, જી—ગીર સોમનાથ, કેશવભાઈ મુંજાણી (મો.૯૬૩૮૩ ૭૦૨૯૦), હસુભાઈ તૈલી (મો.૯૪૨૭૭ ૩૮૪૭૫), ગોરધનભાઈ ધાનાણી (મો.૯૦૯૯૨ ૯૫૮૭૫), નવનીત સાવલીયા (મો. ૯૦૯૯૩ ૧૦૭૬૭) દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## જૈન ધર્મનાં અતિ પવિત્ર પર્યુષણ પર્વ દરમ્યાન નોનવેજના વેચાણ બંધ રખાવવાનાં જાહેરનામાં બદલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માનતુ એનીમલ હેલ્પલાઈન

એનીમલ હેલ્પલાઈન દ્વારા જૈન ધર્મના અતિ પવિત્ર પર્યુષણ પર્વ નિમિતે કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી હતી. જૈન ધર્મમાં 'પર્યુષણ પર્વ' નું ખૂબ જ મહત્વ હોય છે. આ દિવસો શ્રાવક-શ્રાવીકાઓ ઉપવાસ કરી ખૂબજ ભકિતભાવથી ધામધુમથી ઉજવતા હોય છે. આ દિવસની પવિત્રતા અને સમસ્ત જૈન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીનાં વેપાર સદંતરછ બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા વિનંતી કરાઈ હતી. જીવદયા પ્રેમી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા. ૦૩/૦૯/૨૦૨૧ (શુક્રવાર) થી તા.૧૦/૦૯/૨૦૨૧ (શુક્રવાર) સુધી જાહેરનામુ બહાર પાડયું છે. તે બદલ માન. મુખ્યમંત્રીશ્રીનોસમગ્રજીવદયાપ્રેમીઓએ આભાર માન્યો છે.

દિગંમ્બર જૈન સંપ્રદાય તા. ૧૦/૦૯/૨૦૨૧(શુક્રવાર) થી તા.૨૧/૦૯/૨૦૨૧(મંગળવાર) તથા પર્યુષણ ધૂપ દશમ અને સંવત્સરી પર્વ તા.૧૧/૦૯/૨૦૨૧ ને પણ આ જાહેરનામામાં સામેલ કરી ગુજરાત સરકાર દ્વારા આનું જાહેરનામું બહાર પડે તેવી પણ વિનંતી કરવામાં આવી છે. તે જ રીતે પર્યુષણનાં આ જાહેરનામાં કાયમી ધોરણે પર્યુષણ પર્વ માટે અમલમાં આવી જાય તેવી રજૂઆત કરાઈ છે.

## કેન્દ્ર સરકારના આદેશ અનુસાર્.E.T. - T.A.T. ના પ્રમાણપત્રની માન્યતા આજીવન કરવા રજુઆત

દેશના ઘડતરના પાયારૂપ ગણાતા શિક્ષકની ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૦,૦૦૦ થી વધુ જગ્યા ખાલી છે, અનેક શાળાઓ માત્ર એક - બે શિક્ષકોના ભરોસે ચાલી રહી છે, જેના કારણે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળતું નથી અને બાળકોના શિક્ષણ ઉપર ગંભીર અસર થઈ રહી છે. બીજી તરફ ગુજરાતમાં ૪૭,૦૦૦ થી વધુ T.E.T. પાસ ઉમેદવારો ચાર વર્ષથી બેરોજગાર બેસી રહ્યા છે. શિક્ષકોની ભરતી નહિ કરવામાં આવતા અનેક છાત્રોની વયમર્યાદા પણ પૂરી થઈ ગઈ છે, રોજગારીના અભાવે લાખો લોકો ડિપ્રેશનના શિકાર બની રહ્યા છે તેમ છતાં રાજય સરકાર દ્વારા રાજયની પ્રાથમિક શાળાઓ માટે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવતી નથી તે બાબત દુઃખદ છે.

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં ૬,૦૦૦ વિદ્યાસહાયકો ની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. તેની સામે માત્ર ૩,૨૬૨ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી હતી અને બાકીની ભરતી પછી કરવામાં આવશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું પરંતુ હજી સુધી તે બાકી રહેલી ભરતી કરવામાં આવેલ નથી. તા. ૨૩/૧૦/૨૦૧૯ ના રોજ ૩,૦૦૦ વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત કરી હતી જે આજ દિવસ સુધી થઈ શકેલ નથી. ચાલુ વર્ષે ૩,૯૦૦ વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત કરી હતી. તેમાં પણ ગુજરાતી માધ્યમના ૩,૩૦૦ વિદ્યાસહાયકોની ભરતી આજ દિવસ સુધી કરવામાં આવેલ નથી.

એક મહત્ત્વની બાબત આપના ધ્યાન પર લાવવા માંગીશ કે, કેન્દ્ર સરકાર દ્વારા તા. ૦૯/૦૬/૨૦૨૧ના રોજ પરિપત્ર બહાર પાડેલ હતો જેમાં ્.ઈ્. પ્રમાણપત્રની માન્યતા વધારવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં આ માન્યતા માત્ર પાંચ વર્ષની છે રાજયસરકાર દ્વારા સમયસર ભરતી કરવામાં ન આવતા અનેક ઉમેદવારો ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ શકતા નથી અને તેમનુ શિક્ષક બનવાનું સ્વપ્ન રોળાઈ જાય છે. જે વિદ્યાર્થીઓએ પરિક્ષા પાસ કરી છે અને નોકરી મળી નથી તેવાં વિદ્યાર્થીઓના્.ઈ્. પ્રમાણપત્રને આજીવન માન્યતા આપવાથી રાજ્યના લગભગ ૨ લાખ જેટલા T.E.T. પાસ ઉમેદવારોનું જીવન અંધકારમય બનતુ અટકાવી શકાય છે. ગુજરાતના ભવિષ્ય સમાન લાખો યુવાનોને આપના થી ઘણી આશા છે. યુવાનોનું ભવિષ્ય અંધકારમય બનતુ અટકાવવા આપશ્રી દ્વારા તત્કાલ વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવે અને T.E.T. પ્રમાણપત્રની માન્યતા વધારવામાં આવે તેવી આશા સહ.આપનો વિશ્વાસુ,અમિત ચાવડા.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ.




કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી, મા.મનસુખભાઈ માંડવીયા,ની અમારા વતન ના ગામ રોહીશાળા ની તા.૨૧/૮/૨૧ ના રોજ ની મુલાકાત વખતે, રોહીશાળા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા, તેઓ નુ સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો.એસ.ડી.રાવલ.બ્રહ્મ સમાજ આગેવાન.રોહિશાળા.બોટાદ.

### અરવલ્લીમાં ડેન્ગયુ ઘાતક બન્યો

# લગ્નના ત્રણ મહિનામાં જ મોડાસાના યુવકને ડેન્ગયુ ભરખી જતા હાહાકાર, મચ્છરજન્ય રોગચાળો વકર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ત્રીજી લહેરની આશંકા વચ્ચે કોરોના મંદ પડતા જીલ્લાવાસીઓએ રાહત અનુભવી છે. જો કે કોરોનાનો ખતરો ઓછો થયો છે ત્યારે હવે જિલ્લાવાસીઓના માથે ડેન્ગ્યુનો ખતરો મંડાઈ રહ્યો છે. મેઘરાજાના ઝરમર ઝરમર વરસાદથી ભેજવાળા વાતાવરણને લઈ જિલ્લામાં મચ્છરોનો ઉપદ્રવ બેફામ બન્યો છે. જેને લઈ વિવિધ સ્થળોએ મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે.મોડાસા શહેરમાં ૨૨ વર્ષીય યુવકના લગ્નના ત્રણ મહિનામાં ડેન્ગ્યુ નામની બીમારીએ ભોગ લેતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. અરવલ્લી જિલ્લાની વિવિધ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં તાવ, શરદી, મેલેરીયાના કેસો વધવા પામ્યા છે. સાથે સાથે છેલ્લા દોઢ માસ ઉપરાંતથી ડેન્ગ્યુના કેસો પણ પ્રકાશમાં આવ્યા છે.જીલ્લામાં માલપુરની બાળકીને ડેન્ગ્યુ ભરખી ગયા પછી ડેન્ગ્યુનો કહેર ઘાતક બન્યો હોય તેમ મોડાસાની રસીદાબાદ સોસાયટીમાં રહેતા ૨૨ વર્ષીય યુવકને ડેન્યુ ભરખી જતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે યુવકના લગ્નના ત્રણ મહિનામાં જ રોગચાળાએ ભોગ લેતા પત્ની આઘાતમાં સરી પડી હતી

પ્રાપ્ત માહીતી અનુસાર, મોડાસા શહેરની રસીદાબાદ સોસાયટીમાં રહેતો ગુફરાન સલીમભાઈ કોકડી નામના ૨૨ વર્ષીય યુવકને ડેન્ગ્યુ થતા મોડાસાની ખાનગી હોસ્પીટલમાં સારવાર દરમિયાન તબિયત લથડતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાતા સારવાર મળે તે પહેલા યુવકે હોસ્પીટલના બીછાને દમ તોડી દીધો હતો શહેરમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બનતા આરોગ્ય તંત્ર સામે રોષ ભભૂક્યો છે. જીલ્લા આરોગ્ય તંત્ર સર્વેની કામગીરી કરી રોગચાળાને કાબુ માં લે તેવી લોક માંગ પ્રબળ બની છે

અરવલ્લી જીલ્લાના પ્રજાજનો મિશ્ર ઋતુમાં બીમારીમાં સતત પટકાતા ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે જીલ્લાના પ્રજાજનો ,ડેન્ગ્યુ, મેલેરિયા સહીત વાઈરલ બીમારીના અજગરી ભરડામાં સપડાતા વાઈરલ અને મચ્છરજન્ય બીમારીમાં જીલ્લા આરોગ્ય તંત્ર નિષ્ફળ રહ્યું હોય અને ઘોર બેદરકારી દાખવી રહ્યું હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે જીલ્લામાં સર્વેની કામગીરી કાગળ પર હોય તેવો અહેસાસ પ્રજાજનોમાં ચર્ચાએ જોર પકડ્યું છે

### અખિલ ભારતીય કિસાન સભા

# અરવલ્લી જીલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કલેકટરને આવેદનપત્ર,ડેમ તળવો નર્મદાના પાણીથી ભરવા માંગ




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા લીધા હોય તેમ ચાલુ વર્ષે ચોમાસાની સીઝનનો ૨૪ ટકા જ વરસાદ નોંધાતા ખેડૂતો ચિંતીત બન્યા છે જીલ્લામાં આશરે ૧.૯૦ લાખથી વધુ હેક્ટરમાં ખેડૂતો ખરીફ પાકનું વાવેતર કરી સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે વરસાદ ખેંચાતા જીલ્લામાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ શકે તેવી સ્થિતીનું નિર્માણ થયું હોવાથી અને ડેમમાં જળાશયોના તળિયા દેખાતા સિંચાઈનું પાણી પણ ખેતી માટે મળી શકે તેમ ન હોવાથી પીવાના અને સિંચાઈના પાણીની તંગીના પગલે અખિલ ભારતીય કિસાનસભાના અગ્રણીઓ અને કાર્યકરોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જીલ્લાના તમામ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવેની માંગ કરી હતી. ગુજરાત કિસાન સભાના નેજા હેઠળ અખિલ ભારતીય કિસાન સભાના પ્રમુખ લાલાભાઇ ખાંટ,ઉપપ્રમુખ સાંજાભાઈ ડામોર,બચુભાઈ ડામોર અને સીપીઆઈએમના ડાહ્યાભાઈ જાદવ અને તેમની ટીમે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જીલ્લાના તમામ તાલુકાઓને દુકાળગ્રસ્ત જાહેર કરવા,પશુપાલકોને રાહતદરે ઘાસચારો પૂરો પાડવા, ખેડૂતોના સહકારી અને સરકારી દેવા નાબુદ કરવા,રાહતના કામ શરુ કરવા અને રૂ.૭૫૦૦/- ની સહાય ચુકવામાં આવે તેમજ જીલ્લાના તમામ ડેમ અને તળાવોને પાણી થી ભરવામાં આવેની માંગ કરી હતી.

# આમ આદમી પાર્ટી સુરત જિલ્લા પ્રમુખ ,જૂનાગઢ ના આગેવાનો ભાજપમાં જોડાયા




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૨૪.૦૮.૨૦૨૧ના રોજ પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય ×શ્રી કમલમ ખાતે× આમ આદમી પાર્ટીના નેતા તેમજ સુરત જિલ્લા પ્રમુખ શ્રી બટુકભાઈ વાડદોરીયા તેમના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈને કેસરીયો ધારણ કર્યો.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સહુને આવકાર્યા અને ભાજપાનો ખેસ પેહરાવી સ્વાગત કર્યું. આ પ્રસંગે સંબોધતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું કે, શ્રી બટુકભાઇ વાડદોરીયા ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે સંકળાયેલા છે. આપણે સહુ સાથે મળી ગુજરાત અને દેશની પ્રગતી માટે કાર્યો કરીશું તેમાં સહભાગી થવા આપ સર્વેનું સ્વાગત છે, કેટલાક લોકો ગેરસમજ ફેલાવવાનું કાર્ય કરી, પોતાની પાર્ટીમાં જોડવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં ફક્ત રાજકારણ કરવા માંગે છે, આમ આદમી પાર્ટીને ગુજરાત કે દેશહિત સાથે કોઈ લેવાદેવા નથી.

શ્રી બટુકભાઈ વાડદોરીયાએ જણાવ્યુ કે, આમ આદમી પાર્ટી એ હવે × આમ આદમી પાર્ટી નથી ચાર આદમી પાર્ટી છે×, અમુક નિષ્ઠા વગરના અને ચારિત્ર્ય હિન લોકો આવી જતાં તેમનું મનસ્વી વર્તન, ગેરવર્તન અને અમારું સ્વમાન જળવાતું ન હતું. તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યક્રમોનો ખોટી રીતે વિરોધ કરવાનું કહેવામા આવતું હતું. તે અમને મગજમાં ખૂંચતું હતું.

અંતમાં શ્રી વાડદોરીયાએ જણાવ્યુ હતું કે, આગામી ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીનું ખાતું પણ નહી ખૂલે કારણ કે, અમો આપમાં એટલા માટે જોડાયા હતા કે, લોકોને અન્યાય થાય છે તેને મદદ કરી શકીએ પરંતુ આપ પાર્ટીમાં કાર્યકરોને જ અન્યાય થાય છે. આજે અમો આમ આદમી પાર્ટી છોડી ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત જોડાયા છીએ જેનો અમોને આનંદ છે. ભાજપમાં ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક કામ કરીશું અને ભાજપના સૈનિક બનવા બદલ શીર્ષ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી.સી.આર.પાટીલ સાહેબ સાથે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી એમ.એસ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાજી, પ્રદેશ યુવા ભાજપ અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટ, સુરત જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી સંદીપભાઈ દેસાઇ, ધારાસભ્યશ્રીઓ શ્રી મુકેશભાઇ પટેલ, શ્રી મોહનભાઈ ડોડીયા, સુરતના જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઇ રાઠોડ પ્રદેશ સહ-પ્રવકતાશ્રી ભરતભાઇ ડાંગર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

### ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન ખાતે સિંહ,વાઘ અને દીપડા માટે

# 'ઓપનમોટક્ષ પ્રકારના આધુનિક આવાસોનું લોકાર્પણ વનમંત્રીશ્રી ગણપતસિંહ વસાવા અને રમણ ભાઈ પાટકરના હસ્તે કરાયું



ગાંધીનગર:

ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનના પ્રાણી સંગ્રહાયલ ખાતે સિંહ, વાઘ અને દીપડા માટે 'ઓપન મોટ' પ્રકારના આધુનિક આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જે આવાસોનું લોકાર્પણ આજરોજ વન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વન રાજય મંત્રી શ્રી રમણભાઇ પાટકર ઉપસ્થિત રહ્યા હતા.

સિંહો ગુજરાત જ નહિ, સમગ્ર દેશનું ગૌરવ છે, તેવું કહી વન મંત્રી શ્રી ગણપતિસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, તે પ્રકારે વાઘ અને દિપડા પણ આપણું ગૌરવ છે. સંવેદનશીલ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના શાસનમાં માણસોની ચિંતા સાથે સાથે સંવેદના પૂર્વક વન્ય અને અન્ય પ્રાણીઓની પણ ચિંતા કરવામાં આવે છે. જેની ફલશ્રૃતિ રૂપે આજે ગાંધીનગરના આંગણે રૂપિયા બે કરોડથી વધુના ખર્ચે વન્ય જીવ એવા સિંહ, વાઘ અને દિપડા માટે ઓપન મોટ પ્રકારના આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ રાજય સરકારના કરૂણા અભિયાનની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

રાજયના પાટનગરમાં વધુ એક જોવા લાયક સ્થળ અને લોક આકર્ષણનું કેન્દ્ર ઈન્દ્રોડા પાર્ક બનશે, તેવું કહી મંત્રીશ્રીએ ઓપન મોટ અંગેની માહિતી આપતાં ઉમેર્યું હતું કે, વન્યજીવોની સુરક્ષા, સલામતી અને અનુકૂળતાઓને ધ્યાનમાં રાખી આ ''ઓપન મોટ'' પ્રકારના આવાસો તૈયાર કરાયા છે. જેમાં પથ્થર શિલાઓ, વૃક્ષ-વનસ્પતિઓ, કાષ્ઠ, ઘાસ-વાંસ સહિતના કુદરતી સંશાધનોનો ઉપયોગ કરી આવાસોને આબેહૂબ નૈસર્ગિક બનાવાયા છે. આ આવાસોમાં મુખ્યત્વે વન્યજીવોને આરામ કરવાના ગઝેબો, પથ્થરની ગુફાઓ, પાણીના ઝરણા, નાના તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ તૈયાર કરાયા છે. જેથી વન્યજીવોને પોતાના નૈસર્ગિક આવાસમાં જ રહેતા હોવાની અનુભૂતિ થાય. એટલુ જ નહિ મુલાકાતીઓ માટે ખાસ ગેલેરી તથા પથ બનાવી આ આવાસોની અંદર તથા બહાર ઘનિષ્ઠ વનિકરણ કરી કુદરતી ઓપ આપવામાં આવ્યો છે.

રાજયમાં ૬૭૪ જેટલા સિંહોની વસ્તી હોવાનું કહી મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, રાજય સરકારના ક્લિન ગુજરાત, ગ્રીન ગુજરાત બનાવવાના સંકલ્પ ને સાકાર કરવા માટે વન વિભાગ દ્વારા રાજયમાં ૧૦ કરોડથી વધુ રોપાઓનું વિતરણ સામાજિક વનીકરણ અંતર્ગત કરવામાં આવ્યું છે. આજે રાજયમાં જંગલ વિસ્તાર સહિત રાજયમાં વૃક્ષોની સંખ્યામાં વધારો થયો છે, તેવું કહી તેમણે લોકોમાં વૃક્ષારોપણ અંગે ખૂબ જ જાગૃત્તિ આવી છે, તેનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

વન રાજય મંત્રી શ્રી રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે, રાજયના ગૌરવ સમા એશિયાઈ સિંહ, ભારતીય વાઘ તથા દીપડા જેવા બિડાલકુળના વન્યપ્રાણીઓ માટે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રાણીસંગ્રહાલયમાં રાજયના વનવિભાગના સહયોગથી તાજેતરમાં વન્યજીવોના અદ્યતન આવાસોનું નવનિર્માણ કરવામાં આવ્યુ છે. આવાસોમાં મુલાકાતીઓ વન્યજીવોને કુદરતી અવસ્થામાં નિહાળી શકશે. જેનો લાભ ઉદ્યાનની મુલાકાતે આવનાર દેશ-વિદેશના પર્યટકો તથા ગાંધીનગરની પ્રકૃતિપ્રેમી જનતાને થશે.

ગીર ફાઉન્ડેશનના નિયામક શ્રી યુ.ડી.સિંધે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, વન અને પર્યાવરણ વિભાગ હેઠળના 'ગીર' ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પ્રાણીસંગ્રહાલયમાં સસ્તન, સરિસૃપ અને વિહંગ કુળના અલગ અલગ પ્રકારના વન્યપ્રાણીઓ-પક્ષીઓ રાખવામાં આવેલા છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેના ડાયનાસોર અને ફોસીલ પાર્ક, અર્થ સેક્શનના કારણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ ઉપરાંત આ ઉદ્યાનમાં વિવિધ પ્રકારના છોડ, ક્ષુપ, વેલા અને વનસ્પતિઓ ધરાવતો વૈજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર કરવામાં આવેલો બોટનીકલ ગાર્ડન પણ છે. જેનું કેક્ટસ ગાર્ડન એક અનેરૂ આકર્ષણ ધરાવે છે. પ્રતિ વર્ષ ૬(છ) લાખ જેટલા મુલાકાતીઓ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લેતા હોય છે. તેમજ ગીર ફાઉન્ડેશન પારિસ્થિતિકીય શિક્ષણ અને સંશોધનના કાર્યક્ષેત્રમાં પણ કાર્યરત છે.

મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાઅને રમણભાઈ પાટકરના હસ્તે ઓપન મોટ ને ખુલ્લો મુક્વામાં આવ્યો હતો. તેમજ સિંહ, વાઘ અને દિપડા ના અધતન આવાસોમાં મુક્ત મને ફરતા હતા, તેનું પણ નિરીક્ષણ કર્યું હતું. તેમજ મહાનુભાવોના હસ્તે ઈન્દ્રોડા સંકુલમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના પ્રયત્નોના ભાગરૂપે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં બિડાલકુળના વન્યજીવ સફેદ વાઘ(ઈઅક્રૂ મીહપ્નક્રૂ્ સ્રીી)- નર(નામ : ગૌતમ, ઉંમર:૨.૫ વર્ષ) તથા માદા વાઘ(નામ : સૃષ્ટિ, ઉંમર - ૧૭ વર્ષ)ને ગુજરાત રાજ્યના વિવિધ ઝૂ માંથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે લાવવામાં આવ્યા છે. તેઓને અદ્યતન પ્રકારના ઓપન મોટ આવાસોમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલી સિંહની પ્રખ્યાત જોડ નર સિંહ(નામ-સૂત્રા, વય - ૧૩ વર્ષ) તથા માદા સિંહણ(નામ : ગ્રીવા, વય : ૧૧ વર્ષ)ને નવનિર્મિત આધુનિક ઓપન મોટ પ્રકારના આવાસમાં નિહાળવાનો અવસર પ્રાપ્ત થશે અને મુલાકાતીઓ હવેથી ભારતીય દીપડાઓ ચનામ : વીર(નર) વય-૧૪.૫ વર્ષ, જીગર(નર) વય-૧૩ વર્ષ, ગ્રીષ્મા(માદા) વય-૧૨ વર્ષ, જાન્વી(માદા) વય-૧૧ વર્ષૃને તેના ઓપન-ટુ-સ્કાય પ્રકારના આધુનિક આવાસમાં મુક્ત વિહરતા નિહાળી શકશે.

કાર્યક્રમના અંતે નાયબ નિયામક ( આર.એન્ડ ડી.) શ્રીમતી વી.એન. ગોસ્વામીએ આભારવિધી કરી હતી.

આ પ્રસંગે વન અને પર્યાવરણના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી ડૉ. દિનેશકુમાર શર્મા, અગ્ર મુખ્ય વન સંરક્ષક ( વન્ય જીવ ) શ્રી શ્યામલ ટીકાદાર સહિત આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર સેકટર- ૨૦ સરકારી પ્રાથમિક શાળા ખાતે આયોજિત

# શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કેન્દ્રની મુલાકાત લેતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર

શિક્ષકની ગુણવત્તા હશે, તો બાળકની ગુણવત્તા વધશે, તેવું આજરોજ સેકટર- ૨૦ ખાતે યોજાયેલ શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં સહભાગી થવા આવેલા શિક્ષકોને રાજયના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. તેમણે સર્વે શિક્ષકોને સર્વેક્ષણ મરજિયાત હોવા છતાં ૩૪ માંથી ૩૨ શિક્ષકો આ સર્વેક્ષણમાં સહભાગી થતા સર્વેને અભિનંદન આપ્યા હતા. આજે સમગ્ર રાજ્યમાં શિક્ષક સજ્જતાનું રાજ્યવ્યાપી સર્વેક્ષણ યોજાયું હતું. જે અંતર્ગત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગરના સેકટર-૨૦માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં સર્વેક્ષણ ફરજિયાત ન હોવા છતાં આ સર્વેક્ષણમાં સહભાગી બની કસોટી- પરીક્ષા આપવા આવેલા શિક્ષકોને શુભકામનાઓ પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે શિક્ષકો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, તમામ વ્યક્તિઓએ જીવનભર પોતાના ક્ષેત્રમાં શીખતા રહેવું જોઈએ. આ પ્રકારના સર્વેક્ષણ થકી જ આપણામાં રહેલી નાની- મોટી ત્રુટિઓ દુર થાય છે. તેમજ આપણા જ્ઞાનમાં વધારો થાય છે.

આ શિક્ષકોની કસોટી – પરીક્ષા નથી, તેવું કહી ઉમેર્યું હતું કે, આ સર્વેક્ષણની નોંધ કોઇ પણ શિક્ષકની સર્વિસબુક કે કેરિયરમાં લેવાશે નહિ. જેમ જીવનમાં એક જ પ્રકારનો ખોરાક અને ફેશન કાયમી રહેતા નથી, તેમ પોતાના ક્ષેત્રમાં આવતા પરિવર્તનને જાણવા અને પોતાના જ્ઞાનમાં ઉમેરો કરવા માટે આ પ્રકારના સર્વેક્ષણ કામમાં આવે છે.

તેમજ આવનાર પરિવર્તન માટે આપણને સજ્જ કરે છે.

તેમણે સર્વે ઉપસ્થિત શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, વિશ્વ કક્ષાએ ગુણવત્તા યુક્ત શિક્ષણની ચિંતા કરવામાં આવે છે. જેમ ગુજરાતે શિક્ષક સમુદાયના સક્રિય સહયોગ – યોગદાનથી શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેવી દેશભરમાં સફળ પહેલ કરી છે, હવે શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં પણ ગુજરાત લીડ લેશે, તેવો આત્મવિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિત સર્વે શિક્ષકોને આ સર્વેક્ષણમાં સહભાગી થવા બદલ અભિનંદન પાઠવી સહભાગી ન બનેલા તમામ શિક્ષક મિત્રોને સહભાગી બનવા માટે પણ અનુરોધ કર્યો હતો.

## શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટીનો ફિયાસ્કો, ૫૪૦૦ શીક્ષકો માંથી ફક્ત ૧૬૨૨ શીક્ષકોએ સર્વક્ષણ કસોટી આપી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની સજ્જતા સર્વે કસોટી જાહેર તો કર્યા પછી કસોટીને લઈને ભારે વિવાદ વકર્યો હતો

અનેક શિક્ષકો આ પરીક્ષા આપવા તૈયાર નથી શિક્ષકોમાં કચવાટ જોવા મળી રહ્યો હતો જયારે સરકાર યેન કેન પ્રકારે શિક્ષકો પરીક્ષા આપે અને સંખ્યા વધે તે માટે છેલ્લી ઘડી સુધી પ્રયત્ન હાથધર્યા હતા પ્રાથમીક શીક્ષકોના બે સંઘ પણ આમને શીક્ષક સજ્જતા સર્વક્ષણ કસોટીને લઇને આમને સામને આવી ગયા હતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે તો કસોટીનો બહીષ્કાર કરવા સોશ્યલ મીડિયાના માધ્યમથી શીક્ષકોને અપીલ કરી હતી ત્યારે આજે યોજાયેલી યોજાયેલી શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટીનો અરવલ્લી જીલ્લામાં ફિયાસ્કો થયો હોય તેમ જીલ્લામાં ૩૦.૬૩ ટકા શિક્ષકોએ કસોટીમાં ભાગ લીધો હતો

રાજ્ય સકરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોનું મૂલ્યાંકન કરી તેમને વિષય વસ્તુની તાલીમ મળી રહે માટે પ્રાથમિક શિક્ષક સજ્જતા સર્વેક્ષણ ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં રાજયની ૩૬ હજાર શાળાઓના ૨ લાખ શિક્ષકોનું સર્વેક્ષણ થાય તે હેતુ થી આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ૫૪૦૦ જેટલા શીક્ષકોમાંથી ૧૬૨૨ શિક્ષકોએ શીક્ષક સજ્જતા કસોટી આપી હતી જયારે ૩૬૭૩ શીક્ષકોએ કસોટીનો બહિષ્કાર કર્યો હતો જીલ્લામાં સૌથી વધું બાયડ તાલુકામાં ૪૬૩ અને સૌથી ઓછા મેઘરજ તાલુકામાં ૧૮૪ શીક્ષકોએ કસોટી આપી હતી




સેક્ટર ૫ ગાંધીનગર માં આવેલ કલેહર માતાજી ના મંદિરે કૈલાસ બેન તથા જાગૃતિબેન મહેતા પરિવાર તરફથી શ્રાવણ માસ દરમિયાન ભજન ભકિત સંધ્યનો કાયેકમ રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# વતનની વહારે એનઆરઆઈનો લાગણીસભર ઋણ સ્વીકાર કાર્યક્રમ.

એપ્રિલ અને મે ૨૦૨૧ માં આવેલી કોરોના મહામારી મા ધોળકા તાલુકામાં ચલોડા નામના ગામમાં કોરોનાની ગંભીર અસર ને હિસાબે ૩૨ જેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા જેની નોંધ દરેક પ્રિન્ટ મીડિયા અને લોકલ અને નેશનલ લેવલની ચેનલોમાં થઈ ને આ ન્યુઝ પ્રકાશિત થતા ચલોડા ગામ ના એન.આર.આઈ પટેલ મિત્રોએ ચલોડા ગામને મદદરૂપ થવા ફંડ એકઠું કર્યું. જેનો ઉપયોગ કરી ચલોડા ગામની કુમારશાળામાં કોરોના આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યું તથા આજ તારીખ ૨૦ ઓગસ્ટ ૨૦૨૧ ના દિવસે મૃત્યુ પામેલ દરેક વ્યક્તિઓના વારસદારો ને દસ હજાર રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો. અને આ પ્રસંગમાં ચલોડા ગામ ના અમદાવાદમાં રહેતા સંજયભાઈ આર. પટેલ,સંજયભાઈ બી પટેલ, ભાગવતભાઈ અમીન,જીગ્નેશભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, દિવ્યાંગભાઈ,પ્રજ્ઞેશભાઈ,એસ જી પટેલ, નરેન્દ્ર ભાઈ અમીન,મિતેશભાઇ પટેલ, ભરતભાઈ વકીલ વગેરે હાજર હતા તથા ગામના સરપંચ, કુમાર શાળાના આચાર્ય સુરેશભાઈ જાદવ,, સી બી પટેલ શાળાના આચાર્ય શ્રી રીપીન ભાઈ પટેલ, નિવૃત્ત આચાર્ય શ્રી મફતભાઈ દેસાઈ વગેરેએ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા વ્રજકિશન ભૂમિ અખબાર ના તંત્રી અને ચલોડા ના વતની શ્રી બીમલભાઈ પટેલે ખૂબ જ મહેનત કરી હતી. અને ગ્રામજનોએ તથા એનઆરઆઈ પટેલ મિત્રોએ બીમલભાઈ નો ખૂબ જ આભાર માન્યો હતો.

વતનની વહારે એનઆરઆઈ નો લાગણીસભર ઋણસ્વીકાર કાર્યક્રમ ના સુંદર આયોજન બદલ ચલોડાના ગ્રામજનો ખૂબ જ ખુશ થયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK